Municipal School Board
Muncipal Corporation, Bhavnagar.
Near old R.T.O. office,
Navapara, Bhavnagar
Phone & Fax : (0278) 2515646

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
મહાનગર પાલિકા ભાવનગર
જુની આર.ટી.ઓ. ઓફિસ પાસે,
નવાપરા–ભાવનગર
ફોન અને ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૧૫૬૪૬

ક્રમાંક : શિક્ષણ/પ્રવાસ મંજુરી/જા.નં........... તારીખ :

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી,
શાળા નં..........,
ભાવનગર

વિષય :– શૈક્ષણિક પ્રવાસ માટેની મંજુરી બાબતે...
સંદર્ભ :– આપના પત્ર જા.નં......... તા................

ઉપરોકત વિષય–સંદર્ભે જણાવવાનું કે, આપની શાળાના બાળકોનો એક શૈક્ષણિક પ્રવાસ યોજવાની દરખાસ્ત સંદર્ભ પત્રથી અત્રે મોકલેલ છે, જે દરખાસ્તને નીચેની શરતોને આધિન રહેવાની શરતે ગ્રાહય રાખવામાં આવે છે.

**<u>શરતો :</u>**

(૧) સદરહુ પ્રવાસ સંદર્ભમાં જણાવેલ તારીખ :................. થી તારીખ :............... દિવસ :........ નો જ યોજવાનો રહેશે. પ્રવાસના સ્થળો :.......................................................................................

(૨) સદરહુ પ્રવાસ આપની સંપુર્ણ જવાબદારીએ કરવાનો રહેશે અને સમગ્ર પ્રવાસ દરમ્યાન અત્રેની કચેરી સાથે સંપર્કમાં રહેવાનું રહેશે.

(૩) આ પ્રવાસ શાળા સગવડે થતો હોઈ પ્રવાસમાં જોડાનાર કોઈ કર્મચારીને ભાડુ–ભથ્થુ કે અન્ય કોઈપણ પ્રકારના લાભો મળશે નહી. સદરહુ પ્રવાસમાં : .......... બાળકો જોડાનાર હોય તેઓની સાથે :......... શિક્ષકોએ જવાનું રહેશે.

(૪) પ્રવાસમાં નહી જોડાનાર બાળકોનું ચાલુ શૈક્ષણિક દિવસોમાં શિક્ષણ કાર્ય ચાલુ રહે તેમ ગોઠવણ કરી, જવાનું રહેશે.

(૫) આ પ્રવાસ અંગેના સઘળા હિસાબોની નોંધ શાળા રેકર્ડ પર અલગથી વ્યવસ્થિત રાખવાની રહેશે અને પ્રવાસ પૂર્ણ થયા બાદ તે હિસાબ શાળામાં જાહેર કરવાનો રહેશે. આ અંગે સંપુર્ણ જવાબદારી મુખ્યશિક્ષકશ્રીની રહેશે.

(૬) પ્રવાસ બંધ રહયેથી તેની જાણ તમામ વાલીઓને અગાઉથી કરવાની રહેશે, તેમજ આ કચેરીને પણ કરવાની રહેશે.

(૭) સદરહુ પ્રવાસ અંગે કોઈપણ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેની અંગત રીતે કાળજી મુખ્યશિક્ષકશ્રીએ લેવાની રહેશે.

(૮) પ્રવાસમાં જોડાનાર તમામ બાળકોના વાલીઓની સંમતિ મેળવવાની રહેશે.

(૯) પ્રવાસમાં જોડાનાર શિક્ષકોની પણ સંમતિ મેળવી શાળા દફતરે રખાવી.

(૧૦) પ્રવાસમાં કન્યાઓ જોડાતી હોય તો મહિલા શિક્ષક પુરતા પ્રમાણમાં પ્રવાસમાં જોડાય તેની ખાસ કાળજી લેવી.

(૧૧) પ્રવાસમાં જોડાનાર બાળકોના વાલીઓના સંપર્ક નંબર તેમજ જોડાનાર તમામ શિક્ષકોના સંપર્ક નંબરવાળી યાદી પ્રવાસમાં જતાં પહેલા કચેરીને આપવાની રહેશે.

(૧૨) પ્રવાસમાંથી પરત આવ્યેથી અહેવાલ ફોટોગ્રાફ સાથે કચેરીને મોકલી આપશો.

(૧૩) પ્રવાસમાં ઉપયોગમાં લેવામાં આવનાર વાહનના આર.ટી.ઓ. માં થયેલ રજીસ્ટ્રેશન, તેમજ તાજેતરના પાસીંગ ડોકયુમેન્ટ, વાહનના વીમાના ડોકયુમેન્ટ તેમજ આર.ટી.ઓ.માંથી જરૂરી પ્રવાસ અંગેની મંજુરી સાથે રાખવાની રહેશે, તેમજ પ્રવાસમાં જોડાનાર ડ્રાઈવરના લાયસન્સની ઝેરોક્ષ કોપી સાથે રાખવાની રહેશે.

ઉપરોકત તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
ભાવનગર

Scanned with CamScanner